તા.૨૫/૬/૨૦૨૦

પ્રતિ શ્રી
માન. નાયબ સચિવશ્રી
પ્રાથમિક શિક્ષણ
શિક્ષણ વિભાગ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

**વિષય : પ્રાથમિક શિક્ષકો તથા આનુસંગિક કર્મચારીઓના ઉચ્ચતર પગારધોરણ અંગે.**
**સંદર્ભ : શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક : પીઆરઈ/૧૧૨૦૧૯/ઈએમ ૨૭૮–૩, તા.૨૩/૦૬/૨૦૨૦**

માન. સાહેબશ્રી,

સવિનય જય ભારત સાથ ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા તા૩૦/૧/૨૦૨૦ ના રોજ પત્રથી રચવામાં આવેલ ઉચ્ચતર પગારધોરણ અંગેની સમિતિની આજરોજ પ્રાથમિક શિક્ષકોના વિવિધ સંઘો સાથેની મીટીંગ અન્વયે ગુજરાત રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘની રજૂઆત નીચે મુજબ છે.

- તા.૧૬/૮/૯૪ ના ઠરાવ અન્વયે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિઓના પ્રાથમિક શિક્ષકોના ઉચ્ચતર પગારધોરણની નગરપાલિકાની ૨૦01 પછીની તેમજ મહાનગરપાલિકાની ૨૦૧૬ પછીની વિસંગતતાઓ (૪૨૦૦ ગ્રેડ પે)ના વાંધા હેઠળ મુકવામાં આવેલી છે જે અંગેનો શિક્ષણ વિભાગે અલગથી અહેવાલ નાણા વિભાગ સમક્ષ રજૂ કરેલ છે. આ વિસંગતતા દૂર કરવા સરકારશ્રીએ રચેલી સમિતિ દ્વારા પણ અહેવાલમાં આ વિસંગતતા દૂર કરવાની સરકારને જાણ થવા વિનંતી છે.
- તા.૩૧/૧/૨૦૧૯ ના જાહેરનામા અન્વયે પ્રાથમિક શિક્ષકોના પ્રમોશનની જગ્યા કેળવણી નિરિક્ષકની હતી જે મુખ્ય શિક્ષક (HTAT) માટે આપવાની જોગવાઈ થતા પ્રાથમિક શિક્ષકોને પ્રથમ ઉચ્ચતર પગારધોરણ ૪૨૦૦ ગ્રેડ પે વાંધા હેઠળ મૂકેલું છે પરંતુ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ સુધારા વિધેયક – ૨૦૧૦ અન્વયે પ્રાથમિક શાળાના શિક્ષકોને મુખ્ય શિક્ષકની જગ્યા પર પ્રમોશન (બઢતી) આપવાની જોગવાઈ થયેલી છે. આ જગ્યાનું પગારધોરણ ૯૩૦૦–૩૪૮૦૦ (ગ્રેડ પે ૪૨૦૦) આપવામાં આવે છે. આથી તા.૨/૧૨/૨૦૧૪ ના ઠરાવમાં સુધારો કરી પ્રાથમિક શિક્ષક માટેની ફીડર કેડર મુખ્ય શિક્ષકની ગણવા અને પ્રાથમિક શિક્ષકોને પ્રથમ ઉચ્ચતર પગારધોરણ (૪૨૦૦ ગ્રેડપે) મુજબ આપવા તથા દ્વિતીય અને તૃતીય ઉચ્ચતર પગારધોરણ અનુક્રમે ૪૪૦૦ અને ૪૬૦૦ ગ્રેડ પે મુજબ આપવા સમિતિ દ્વારા અભિપ્રાય આપવામાં આવે તેવી વિનંતી છે.
- પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકો (HTAT) ને સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૧૨ થી પ્રાથમિક શિક્ષકમાંથી બઢતી આપવામાં આવે છે. આ બઢતી મેળવનાર મુખ્ય શિક્ષક જો કોઈ ૪૨૦૦ ગ્રેડ પે મેળવીને બઢતી મેળવે તો તેમને એ જ પગારધોરણમાં બઢતી મળેલી હોય પગારમાં કોઈ સુધારો થતો નથી જેથી પગારબાંધણી કરવામાં આવતી નથી.

તા. ૩૧/૧/૨૦૧૯ ના જાહેરનામામાં મુખ્ય શિક્ષક (HTAT) ને કેળવણી નિરિક્ષકની બઢતી આપવાની જોગવાઈ કરવામાં આવેલી છે. આ જગ્યાનું પગારધોરણ પણ ૪૨૦૦ ગ્રેડ પે મુજબનું હોય તેમાં સુધારો કરી ગ્રેડ પે ૪૪૦૦ મુજબ કરવા જરૂરી અભિપ્રાય આપવા વિનંતી છે.

- તા.૧૬/૮/૯૪ના ઠરાવ અન્વયે પ્રાથમિક શિક્ષક, મુખ્ય શિક્ષક, કેળવણી નિરિક્ષક, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી અને શાસનાધિકારી વગેરે એક જ સંવર્ગ એટલે કે શિક્ષણ સેવા વર્ગ –૩ કે વર્ગ–૨ ના કર્મચારીઓ હોય તેમજ દરેક કિસ્સામાં એક જ સંવર્ગની જગ્યા પર બઢતી મળતી હોય જે તે પગારધોરણની સેવાઓ ધ્યાને લઈ ઉચ્ચતર પગારધોરણની ચેનલ નકકી કરવામાં આવે જેથી વિસંગતતાઓ ઉપસ્થિત ન થાય.
- સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨૭/૮/૨૦૧૨ તથા તા.૮/૩/૨૦૧૯ના ઠરાવથી પ્રાથમિક શિક્ષકોને ફિક્સ પગારની નોકરીને પણ તમામ હેતુ માટે સળંગ ગણવામાં આવેલી હોય બઢતીથી આવેલા મુખ્ય શિક્ષકો કે સીધી ભરતીથી આવેલા મુખ્ય શિક્ષકોને પણ સળંગ નોકરી ગણી મળવાપાત્ર ઉચ્ચતરપગારધોરણના લાભો તા.૧૬/૮/૯૪ના ઠરાવ મુજબ મળવાપાત્ર છે. આમ છતા આ અંગે જરૂરી સ્પષ્ટતાઓ આ સમિતિ મારફત કરવામાં આવે તેવી વિનંતી છે.
- મુંબઈ (ગુજરાત) પ્રાથમિક શિક્ષણ અધિનિયમ – ૧૯૪૯ના નિયમ ૨૧ અને ૨૨ અનુસાર જે તે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા કેળવણી નિરિક્ષક, મદદનિશ શાસનાધિકારી, નાયબ શાસનાધિકારી તેમજ શાસનાધિકારીની ભરતી કરવામાં આવે છે.

ઉપરોકત તમામ જગ્યાઓ માટેના પ્રાથમિક શિક્ષણ અધિનિયમ – ૨૦૧૦ના સુધારાઓ અન્વયે શિક્ષણ વિભાગ દ્વારા થયેલ ઠરાવ મુજબ આ જગ્યાઓની ભરતી અને બઢતી કેન્દ્રિયકૃત પધ્ધતિએ કરવાની જોગવાઈ કરવામાં આવેલી છે. આ જોગવાઈ મુજબ બઢતીની ચેનલમાં પ્રાથમિક શિક્ષક / મુખ્ય શિક્ષકનો સમાવેશ થાય તેવા ભરતી નિયમો નકકી થવા વિકલ્પે ઉચ્ચતર પગારધોરણની જોગવાઈ થવા જરૂરી સ્પષ્ટતાઓ કરી અભિપ્રાય મોકલવા વિનંતી છે. જેથી ભવિષ્યમાં વિસંગતતાઓ ઉપસ્થિત ન થાય.

આપના આભારી

મહામંત્રી
મનોજ પટેલ

પ્રમુખ
ચંદ્રકાંત ખાખરીયા

ગુજરાત રાજ્ય નગર પ્રાથમિક શિક્ષક સંઘ